બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૩ માર્ચ, ૨૦૧૩)

નોંધ :-(૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

(વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર, અઢારમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૧)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''અમારું નામ સહજાનંદ.'' (૩૯/૭૬)
➩ નીલકંઠવર્ણી - ભના પાઠકને
➩ ભના પાઠકે નીલકંઠવર્ણીને તેમનું નામ પૂછ્યું ત્યારે ભવિષ્યવાણી ઉચ્ચારતા નીલકંઠવર્ણી કહે છે.

૨. ''તમારો સાચો ભાવ હશે તો તમને પ્રગટ પ્રભુ અહીં જ મળશે.'' (૪/૮)
➩ નીલકંઠવર્ણી - તપસ્વીઓને
➩ તપસ્વીઓએ નીલકંઠવર્ણીને પૂછ્યું કે પ્રગટ પ્રભુ ક્યાં અને ક્યારે મળશે અને મોક્ષ કેવી રીતે મળશે ? ત્યારે.

૩. ''રામાયણની કથા કરો છો અને ધર્મ કેમ નથી પાળતા ?'' (૨૨/૪૦-૪૧)
➩ નીલકંઠવર્ણી - બાવાને (કથા કરનાર)
➩ રામાયણની કથા પૂરી થતાં કેટલીક સ્ત્રીઓને બાવાની સેવા કરતી જોઈ ત્યારે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. નીલકંઠવર્ણીએ કઠારી તોડી નાંખી. (૧૫/૨૭)
જ. નીલકંઠવર્ણીનાં દર્શન કરતાં કરતાં મોહનદાસની વૃત્તિ કઠારીમાં રહેતી હતી. નદી ઓળંગતાં મોહનદાસે નીલકંઠવર્ણીને કહ્યું: 'બ્રહ્મચારી ! સાચવજો, પથરા ઉપર પગ મૂકતા લપસશો તો કઠારી તૂટી જશે.' તેમનો મોહ તોડવા નીલકંઠવર્ણીએ કઠારી તોડી નાખી.

૨. નીલકંઠવર્ણીના શાલિગ્રામ ત્રણ-ચાર કઠારી જળ પી ગયા. (૩૨/૬૨-૬૩)
જ. ભૂતપુરીના વિકટ વનમાં ચાલતાં નીલકંઠવર્ણીને ચાર દિવસ પછી પીવાનું પાણી મળ્યું છે ત્યારે નીલકંઠવર્ણી પાંચમા દિવસે શાલીગ્રામને પાણી ધરાવતાં ત્રણથી ચાર કઠારી પાણી પી ગયા.

૩. જગન્નાથપુરીના રાજાએ નીલકંઠવર્ણીને ગુરુ તરીકે સ્વીકાર્યા. (૨૭/૪૮)
જ. જગન્નાથપુરીના રાજા રોજ નીલકંઠવર્ણીના દર્શને આવે, તેમનો ઉપદેશ સાંભળે અને આધ્યાત્મિક રહસ્યોને પામે. રાજાએ નીલકંઠવર્ણીની અલૌકિક શક્તિ જોઈને તેમને ગુરુ તરીકે સ્વીકારી લીધા.

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>એક</u> પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. રામાનંદ સ્વામીને પત્ર (૫૦/૯૯-૧૦૨)** નીલકંઠવર્ણી સાત માસથી આશ્રમમાં આવ્યા છતાં રામાનંદ સ્વામી આવ્યા નહિ. તેથી નીલકંઠવર્ણીએ મુક્તાનંદ સ્વામી પાસે ગુરુનાં દર્શન કરવા કચ્છ જવાની આજ્ઞા માગી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પત્ર લખવાની વાત કરી. આ.સં. ૧૮૫૬ના ફાગણ વદ પાંચમે નીલકંઠવર્ણીએ રામાનંદ સ્વામીને પત્ર લખ્યો. માણાવદરના મયારામ ભટ્ટે સાત દિવસે ભૂજ પહોંચી રામાનંદ સ્વામીને પત્ર આપ્યો. નીલકંઠવર્ણીના પત્રમાં તેમનો દિવ્ય પ્રભાવ, તેમનાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ભાવ હતો. અક્ષરો અનિર્દેશના હતા. ત્યારે સ્વામીએ કહ્યું: 'જેમની હું રાહ જોતો હતો તે આવી ગયા. સાક્ષાત્ પરબ્રહ્મ સૌને મોક્ષનું દાન દેવા આવી ગયા.' 'ધન્ય ધન્ય વર્ણીરાજ ! અમારા ટળ્યા સર્વ ઉચાટ.' તેમણે ભક્તોને કહ્યું 'આજે આપણાં સર્વનાં જીવનની ધન્ય પળ છે. જેમના દ્વારા ભાગવત ધર્મનું સ્થાપન થવાનું છે, લાખો બ્રહ્મરૂપ થઈને બ્રહ્મપુર ધામના અધિકારી બનવાના છે તે વર્ણી ભગવાન લોજમાં પધાર્યા છે. મયારામ ભટ્ટને સાકર આપતાં કહ્યું: 'હું તો તમને આટલું જ આપું છું પણ નીલકંઠવર્ણી તમને ઘણું આપશે, ન્યાલ કરી દેશે. પછી નીલકંઠવર્ણી અને મુક્તાનંદ સ્વામી ઉપર પત્રો લખી ભટ્ટજીને આપ્યા. રસ્તામાં જે ગામ આવે ત્યાં સૌને નીલકંઠવર્ણી પધાર્યા છે તેમનાં દર્શન કરવા લોજ જાય તેવી અમારી આજ્ઞા છે તેમ સૌને કહેજો. મુક્તાનંદ સ્વામીના

પત્રમાં લખ્યું નીલકંઠવર્ણીને સાચવશો. નીલકંઠવર્ણી આ લોકના નથી. તેમની પાસે સાધુઓને અષ્ટાંગ યોગ શીખવજો. અમે વૈશાખ ઊતરતાં આવીશું. નીલકંઠવર્ણીને લખ્યું, 'તમારા દેહની સંભાળ રાખજો. આ દેહે હજુ ઘણાં કામ કરવાનાં છે. અહીં આવવાની ઉતાવળ કરશો નહિ. સાધુઓને અષ્ટાંગ યોગ શીખવજો. જેમ તમને અમારાં દર્શનની તાણ છે. તેમ અમને તમારાં દર્શનની તાલાવેલી છે. છતાં સત્સંગના કાર્ય અર્થે વિચરણ કરવું પડે છે. સત્સંગીઓને રાજી રાખવા પડે છે.

**૨. પિબૈકનો પરાજય (૨૦/૩૪-૩૭)** આસામના કામાક્ષી તીર્થમાં કાલી ભક્ત પિબૈક મલીન વિદ્યાથી ડરાવીને સાધુસંતો જોગી જતિઓને શિષ્ય બનાવતો. પિબૈક માંસ, મચ્છી, દારુ તથા ભાંગનું સેવન કરનારો, દેવીની ઉપાસના અને ભૂત, ભૈરવની સાધના કરતો. જંતરમંતર અને દોરાધાગા કરી સૌને ડરાવતો - તેના ગામ બહાર નીલકંઠવર્ણી તેમજ કેટલાક સિદ્ધ યોગીઓ ફૂલવાડીમાં ઊતર્યા ત્યાં નીલકંઠવર્ણીને મહાત કરવાના ઈરાદાથી પિબૈકે આવીને મંત્રતંત્રથી વાડીના ઝાડ પાન સૂકવી સિદ્ધોને ડરાવી કંઠી તોડી નાંખવાનું કહ્યું. નીલકંઠવર્ણીએ સિદ્ધોને કંઠી ન તોડવાનું કહ્યું : પિબૈક શું કરી લેશે ? પહેલા મારા ઉપર પ્રયોગ કરે અને મને કાંઈ થાય તો પછી તમે તેના શરણે જજો. પિબૈકે અડદના દાણા નાંખ્યા. તેમાથી કાળભૈરવ અને બટુકવીર નીકળ્યા તેઓ નીલકંઠવર્ણી પાસે જઈ ન શક્યા. ઊલટાના તેમણે પિબૈકને માર્યો. પછી પિબૈકે હનુમાન વીરને આહ્‌વાન કર્યું. હનુમાન વીરે નીલકંઠવર્ણીનો પક્ષ લઈ પિબૈકને માર્યો. હનુમાન વીરના મારથી પિબૈક બેભાન થઈ પૃથ્વી પર પડ્યો. તેના કેટલાક શિષ્યો અને સગાંઓએ નીલકંઠવર્ણીને પ્રાર્થના કરી. પિબૈકને બેઠો કરવા કહ્યું. નીલકંઠવર્ણીએ દૃષ્ટિ કરતાં પિબૈક જાગ્યો. નીલકંઠવર્ણીની માફી માગી. નીલકંઠવર્ણીએ પિબૈકને ઉપદેશ આપ્યો કે 'સાચા સિદ્ધ કોઈને ડરાવતા નથી. જે ખરા પરમાત્માના આશ્રિત હોય છે, તે કોઈથી ડરતા નથી. તારી મંત્રશક્તિને પરમાત્મા શક્તિએ ભસ્મસાત્ કરી નાખી.' નીલકંઠવર્ણીએ પિબૈકને વૈષ્ણવી દીક્ષા આપી અધર્મમાંથી ઉગારીને ત્યાંથી ચાલી નીકળ્યા.

**૩. બોચાસણમાં નીલકંઠવર્ણી (૩૬/૬૮-૭૦)** બોચાસણના કાનદાસ પટેલે બ્રાહ્મણોની ચોરાસી કરી હતી. વેરીભાઈએ નીલકંઠવર્ણીના આગમનની કાનદાસને જાણ કરી. કાનદાસે પોતાના પુત્ર કાશીદાસને નીલકંઠવર્ણીને બોલાવવા મોકલ્યા. નીલકંઠવર્ણીની તેજસ્વી મૂર્તિ જોઈને કાશીદાસ ત્યાં જ સ્થિર થઈ ગયા અને પ્રાર્થના કરી 'આપ મારા ઘરે ભોજન માટે પધારો.' કાશીદાસના માતૃશ્રી નાનીબા દર્શન કરી રહ્યાં હતાં. ત્યાં નીલકંઠવર્ણીએ સામેથી કહ્યું : 'મા, લાડુ લાવો.' બ્રાહ્મણોએ લાડુ આપવાની ના પાડતાં કહ્યું 'હજુ નૈવેદ્ય નથી થયું.' પાછા આવેલા નાનીમા પાસે નીલકંઠવર્ણીએ દૂધ અને ભાત માંગ્યા. પણ ઘરમાં દૂધનું ટીપું પણ નહોતું. બપોરનો સમય હોવાથી ભેંસ પણ દૂધ આપે નહિ. તેથી કાનદાસ મૂઝાવા લાગ્યા. પણ પત્ની નાનીબાઈને નીલકંઠવર્ણીના શબ્દમાં વિશ્વાસ હતો. તેથી દોણી લઈને ભેંસ પાસે ગયા. ભેંસે પારસો મૂક્યો અને દોણી ભરીને દૂધ આપ્યું. નીલકંઠવર્ણીને દૂધ, ભાત ને સાકર જમાડ્યાં. નાનીમાએ નીલકંઠવર્ણીને વિનંતી કરી કે હવે આપ અમારે ઘેર જ રહો. ત્યારે નીલકંઠવર્ણીએ કહ્યું : 'મા, અમે ફરી ઘણીવાર આવીશું, તમારે ત્યાં ઘર કરીને રહેશું. અમારે હજી ઘણાં કામ કરવાના છે. તેથી અમે જઈશું. આપના પુત્ર અને આપનું કુટુંબ મહાન ભાગ્યશાળી થશે. આખું કુટુંબ ભક્ત બનશે. અમારી ભક્તિ કરશે.' એવા આશિષ આપી નીલકંઠવર્ણી રામજી મંદિરમાં આવ્યા. સાંજે મંદિરમાં આરતી ઉતારી નીલકંઠવર્ણીએ બાવાજીની સામું જોઈ અગમવાણી ઉચ્ચારતાં કહ્યું : 'આ મૂર્તિઓ ભવિષ્યમાં અહીં થનારા ભવ્ય મંદિરમાં બિરાજશે.' ગામના લોકોએ નીલકંઠવર્ણીને 'અહીં જ રોકાઈ જવાનું કહ્યું.' ત્યારે બાવાજી બોલી ઊઠ્યાઃ 'યે લડકા યહાં રહીને શું કરશે ? યહાં તેની જરૂર નથી.' ત્યારે હસીને નીલકંઠવર્ણીએ કહ્યું : 'અમે આવી નાની જગ્યામાં રહીએ તેવા નથી. અમારે માટે તો અહીંયાં મોટું ધામ થશે.' બીજે દિવસે નીલકંઠવર્ણી ત્યાંથી નીકળી ગયા.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. રાજા રણજિતસિંહનો નીલકંઠવર્ણી સાથે પ્રથમ મેળાપ ક્યાં થયો હતો ? (૮/૧૪)

જ. રાજા રણજિતસિંહનો નીલકંઠવર્ણી સાથે પ્રથમ મેળાપ બદરીનાથમાં થયો હતો.

૨. નીલકંઠવર્ણીએ પોતાની વાણીને શો શાપ આપ્યો ? (૯/૧૬)

જ. 'હવે ક્યારેય ભૂલથી પણ આવો મલિન ઘાટ અમારાથી થઈ જાય તો તે નિષ્ફળ થાઓ, આવા પ્રસંગે અમારી વાણી નિષ્ફળ જાઓ !'

૩. નીલકંઠવર્ણી લોજમાં ક્યારે પધાર્યા ? (સંવત અને તિથિ) (૪૨/૮૫)

જ. નીલકંઠવર્ણી લોજમાં સંવત ૧૮૫૬ના શ્રાવણ વદ છઠને દિવસે પધાર્યા.

૪. નીલકંઠવર્ણીએ કુરજી દવેને શું ભેટ આપવાનું કહ્યું ? (૫૨/૧૦૩)

જ. નીલકંઠવર્ણીએ કુરજી દવેને અક્ષરધામ ભેટ આપવાનું કહ્યું.

૫. નીલકંઠવર્ણીએ દરેક તીર્થમાં, આશ્રમમાં અને સંપ્રદાયમાં કયા પ્રશ્નો પૂછ્યા ? (૪૪/૮૯)

જ. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ ભેદો સંબંધી પ્રશ્નો પૂછ્યા.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૪ (૧/૧)  ૨. ૧, ૨, ૩ (૧૨/૨૦-૨૧)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. જિઅર સ્વામી (૩૩/૬૪)  ૨. પુલહાશ્રમ, સૂર્યનારાયણ (૧૪/૨૪-૨૫)

૩. જન્માષ્ટમી (૪૫/૯૦)  ૪. બ્રહ્માંડ (૪૯/૯૬)

**(વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૧, બારમી આવૃત્તિ - એપ્રિલ , ૨૦૧૧)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''સાક્ષાત્ ભગવાન પુરુષોત્તમ નારાયણ તારે ગામ પધારશે.'' (૨/૧૩)

➩ પ્રભુ (શંકર ભગવાન)- દેવીદાનજીને (બાળકને)

➩ પિતા બહારગામ જતાં દેવીદાનજી મંદિરમાં જઈ શંકરદાદાને રીઝવવાના કોડ સાથે અભિષેક કરીને બીલીપત્ર ચડાવી દાદાને નિહાળવા લાગ્યા. તેમાં પ્રભુને મળવાની તાલાવેલી હતી. ત્યારે પ્રભુએ દર્શન દઈ વરદાન આપતાં કહ્યું.

૨. ''એમને આસને કરીને મોટપ નથી, એ તો અનાદિના મોટા છે.'' (૩/૨૧)

➩ મહારાજ - શુક મુનિને **અથવા** શુકાનંદ સ્વામીને

➩ અક્ષર ઓરડીમાં મહારાજના દર્શન કરવા આવેલા ગુણાતીતાનંદ સ્વામી માટે શુકમુનિ આસન શોધવા લાગ્યા ત્યારે.

૩. ''કંઈ અપરાધ થયો હોય, આપની રુચિ બરાબર ન જાળવી શક્યો હોઉં તો ક્ષમા કરજો.'' (૭/૫૧)

➩ નિર્ગુણદાસ સ્વામી - શાસ્ત્રીજી મહારાજને

➩ નિર્ગુણદાસ સ્વામીની તબિયત બગડતાં મુંબઈ લાવવામાં આવ્યાં આ અંતિમ સમય હોય એવું જણાતાં નિર્ગુણદાસ સ્વામીએ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. જીવુબા સાસરેથી પાછાં આવ્યા છતાં એભલ ખાચર કાંઈ બોલ્યા નહિ. (૬/૪૦)

જ. જીવુબાને ઘરે પાછાં આવેલા જોઈને એભલખાચર તેમને મારવા જતાં હતાં. ત્યાં જીવુબાએ બાપુને સાસરિયાની રજાચિઠ્ઠી બતાવી એટલે એભલ ખાચર કાંઈ બોલ્યા નહિ.

૨. રણછોડરાયે આશાભાઈને સ્વપ્નમાં દર્શન દીધા. (૮/૫૩)

જ. આશાભાઈ ડાકોરમાં દર પૂનમે દર્શને જતાં પણ ત્યાં કેટલુંક ધર્મવિરુદ્ધ આચરણ જોઈ પોતે ક્ષોભ પામતાં. એક રાતે સ્વપ્નમાં રણછોડરાયે દર્શન દઈને કહ્યું : 'કલ્યાણ જોઈતું હોય તો સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરો. આજે સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં પ્રગટ વિચરે છે.'

**પ્ર.૯** 'જોબનપગીનું પરિવર્તન' (૫/૩૧-૩૪) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

વરતાલના લુટારું જોબન પગીની હાક આખા ગુજરાતમાં વાગતી, એનું તીર ચાલતું, કોઈથી એનું નામ ન દેવાતું. સો સો ગાઉ સુધી ચોરી કરવા તે જતો. છતાં પકડાતો નહીં, ધોળે દિવસે સૌને લૂંટતો. નીલકંઠવર્ણીરૂપે મહારાજ વરતાલ પધાર્યા. જોબનને વર્ણીનો યોગ થયેલો પણ અસુરભાવને લીધે તેનું વિસ્મરણ થયેલું. ત્યાર પછી ઘણા વર્ષે મહારાજ માણકી લઈને વરતાલમાં બાપુજીભાઈના ઘેર પધાર્યા. એ વખતે જોબનને તેમનો રોઝો ઘોડો ચોરી ભગવાનપણાનું પારખું કરવાની ઈચ્છા થઈ. રાત્રે બાપુજીભાઈની ખડકીએ ગયો. પણ તે પકડાઈ જતા હતાશ થઈને પાછો આવ્યો. થોડા વર્ષો બાદ મહારાજે ડભાણમાં મોટો યજ્ઞ કર્યો. હજારો હરિભક્તો એમાં પધારેલા, કાઠી દરબારોના પાંખાળા ઘોડાઓ અને રોઝા ઘોડાને ગામના પાદરે બાંધેલો, જોબનનું મન લલચાયું : 'એવો ઘોડો આપણે હોય તો એક રાતમાં સેંકડો ગાઉની મજલ કાપી લૂંટ કરવાનું સારું ફાવે.' અંધારી રાતે તેણે ઘોડારમાં પ્રવેશ કર્યો. જ્યાં ખીલેથી રોઝા ઘોડાની સરક છોડવા જાય છે, ત્યાં પ્રકાશના કુંડાળાં જોબને જોયાં. જરિયાન વસ્ત્રોમાં શોભતા ભગવાન સ્વામિનારાયણ દેખાયાં. હાથ પાછો પડ્યો. પાછે પગે ભગવાનથી દૃષ્ટિ છુપાવતો જોબન અંધારામાં સરકી ગયો. હજારો ભક્તોની વિશાળ સભામાં સૌ મહારાજની મૂર્તિ એકીટશે નિહાળી રહ્યા હતા. ત્યારે એક અજાણ્યો પણ તીખો માણસ એકદમ મંચ પર કૂદકો મારી મહારાજના ચરણોમાં નમી પડ્યો ને માફી માગતાં પ્રાર્થના કરી પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધું ! દયા કરો. મારું મહાપાપ મટાડો. મહારાજે નિયમ ધરાવ્યા ચોરી આદિ કુકર્મોનો ત્યાગ કરાવ્યો. સંવત ૧૮૬૬ના પોષ માસના શુકલ પક્ષથી જોબને લૂંટફાટ છોડી અને મહારાજનો અંગરક્ષક બની ગયો.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. જીવુબાએ લાડુ બારોટને કયો ધર્મ સમજાવી શાનું ભાન કરાવ્યું ? (૬/૪૨)

જ. જીવુબાએ લાડુ બારોટને સાંખ્યધર્મ સમજાવી નર્કની કોથળીરૂપ દેહનું સ્વરૂપ છે તે ભાન કરાવ્યું.

૨. ડુંગરભાઈને વર્તમાન ધરાવી શુકમુનિ સ્વામી શું બોલ્યા ? (૩/૨૧-૨૨)

જ. 'આ બાળક સત્સંગની મહાન સેવા કરશે ને મહારાજની સાચી ઉપાસના પ્રવર્તાવશે.'

૩. ''તમારે કયા ધામમાં જવું છે?'' એવો પ્રશ્ન મહારાજે પૂછ્યો ત્યારે ઝીણાભાઈએ શું માગ્યું ? (૪/૨૯)

જ. 'ભગુજી, મિયાંજી ને મૂળજી બ્રહ્મચારીની જેમ આપની સેવામાં રાખો.

૪. આશાભાઈને કોણે દીક્ષા આપી અને શું નામ આપ્યું ? (૮/૫૯)

જ. આશાભાઈને યોગીજી મહારાજે દીક્ષા આપી અને 'યજ્ઞપ્રિયદાસજી' નામ આપ્યું.

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : લાડુદાનજીના ચાર સંકલ્પો (૧/૧-૨)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૩ | ૫ | ૭ | ૯ | ૧૧ | ૧૨ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૭ | ૯ | ૩ | ૫ | ૧૨ | ૧૧ |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરો: જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો. (૨) યથાર્થ ઘટનાક્રમ : ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો.**

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સ્વામી યજ્ઞપ્રિયદાસજી :** સ્વામીશ્રીના સમાગમથી એમના મનમાં સમાધાન થયું. કલ્યાણની પ્રતીતિ આવી અને શાસ્ત્રીજી મહારાજનાં ચરણકમળમાં સહેજે જ એમનું મસ્તક ઢળી પડ્યું. (૮/૫૩)

૨. **ભક્તરાજ જીવુબા :** જીવુબા પોતાની સાથે દોણી ને કપડાં લાવેલાં. ગામની બીજી સ્ત્રીઓ સાથે મહારાજ મહિયારીના વેશમાં દરબારમાં દાખલ થઈ ગયા. (૬/૪૧)

૩. **સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી :** શિરોહી તાલુકાના ખાણગામમાં સં. ૧૮૨૮ની વસંતપંચમીએ પ્રગટ થયેલા આ બાળ ભક્તકવિ, કચ્છના રાવના મહેમાન થયા. (૧/૧)

૪. **સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી :** દાદાખાચર મહારાજની મરજી જાણી ગયા. સુથાર પાસે લાકડું ફડાવ્યું. માટીનો ગોળો ફોડી તેમાં લાકડાનો તાપ કરી મહારાજ પાસે લઈ આવ્યાં. (૩/૨૦)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **ઈન્ટરનેટનો અવિવેક : (૧)** દક્ષિણ ભારત અને જાપાનનાં દરિયાકિનારે આવેલ સુનામીના મોજાનું દૃશ્ય કેટલું વિનાશક ? કેટલું ભયંકર હતું ? ૧૯,૦૦૦ લોકોનો ભોગ અને અનેક લોકોને ઘાયલ કરતું જાપાનનું વિનાશક સુનામી. પરંતુ આ વિનાશક મોજાઓ કરતાં પણ અનેક ગણાં વિકરાળ મોજાં આજે વિશ્વ સામે મોં ફાડીને ઊભા છે. ખબર છે આ કયા મોજાં છે ? ઈન્ટરનેટ રૂપી મોજાં. **(૨)** પ્રશ્ન એ થાય કે સુનામી અને ઈન્ટરનેટની શોધથી લાભ તો થયો જ છે પરંતુ તેના અવિવેકી વપરાશને કારણે વિનાશક પરિબળ - આ કારણે બંને વચ્ચે સામ્ય - આ મોજાનો વિનાશ જલ્દી લોકનજરે આવતો નથી. - આ વિનાશક મોજાંની યુવાધન પર વિપરીત અને વિકૃત અસરો. - અભ્યાસ પર અસર. **(૩)** શરૂમાં આ શોધ થઈ ત્યારે યુવાનો સાયબર કાફેમાં જઈ તેનો ઉપયોગ - આ રીત થોડી ખર્ચાળ પણ - હવે મધ્યમ વર્ગના ઘરોમાં ઈન્ટરનેટનો પ્રવેશ સુલભ - સ્માર્ટ ફોન - ટેકનોલોજીના વિકાસના પરિણામે મોબાઈલ ફોનમાં પણ ઈન્ટરનેટનો ઉપયોગ - એટલી હદે એનો ઉપયોગ કે આ એક વ્યસન - વળગણ - અનેક સર્વેક્ષણો દ્વારા સાબિતી કે બાળકો, યુવાનોના ભણતર પર તેની વિપરીત અસર - ઈન્ટરનેટના દૃશ્યોને કારણે અભ્યાસમાં એકાગ્રતાનો અભાવ - આથી અભ્યાસમાં શિથિલતા - તેના પરિણામે કાં તો નાપાસ અથવા તેજસ્વી વિદ્યાર્થીના પરિણામ પર ગંભીર અસર. **(૪)** સમયનો બગાડ : આ અવિવેકનું બીજું ખરાબ પરિણામ - સમયની બરબાદી - ફાલતું અને હલકી વાતોમાં, વ્યર્થ વાતોમાં સમયનો બગાડ - આ આંકડો સાચા સ્વરૂપમાં કાઢવો મુશ્કેલ - અમેરિકામાં ૧૦.૮ કરોડ લોકો દ્વારા સમયનો બગાડ - તેનાથી અભ્યાસનો પણ બગાડ (પ્રસંગો લખી શકાય) **(૫)** ચારિત્ર્યહનન અને પ્રેમસંબંધો : જેવો અન્ન તેવો ઓડકાર અને ગ.પ્ર.૧૮ મુજબ જેવો સંગ થાય તેવી અસર - ગમે તેવાં દૃશ્યો જોવાથી કામ, ક્રોધ વગેરે વાસનાની પ્રબળતા - તેથી

અંતઃકરણ મલિન - અને આવા મલિન અંતઃકરણો શું ન કરે - ખૂન, મારામારી, બળાત્કાર વગેરે કરતાં અચકાય નહિ. ઈંગ્લેન્ડના એક બાળક દ્વારા આઠ કલાકમાં ૧૯ ખૂન - કારણ 'ફર્સ્ટ બ્લડ' પિક્ચર જોયાની વિપરીત અસર - પતિ-પત્નીને એકબીજા પર શંકા, વિદ્યાર્થી અવસ્થામાં કારકિર્દી બનાવવાને બદલે નૈતિક અધઃપતન. (દૃષ્ટાંતો-પ્રસંગો લખી શકાય) (૬) કૌટુંબિક સંબંધો અને વિકાર પર અસર : ઈન્ટરનેટની માયાજાળમાં આવી ગયેલ કિશોરોનો સમય ઈન્ટરનેટમાં પસાર - તેથી કિશોરો કુટુંબમાં માતાપિતા, ભાઈ-બહેન સાથે વાતચીત બદલે, રમત-ગમત બદલે ગેમ જ રમવામાં તલ્લીન - મારામારી, ખૂન વગેરે જોઈને સ્વભાવ ચીડિયો, ક્રોધિત, આંખોના નંબર, આંખોને શારીરિક નુકસાન - કસરત ન થવાને કારણે વિકાસ પર અસર. (પ્રસંગો લખી શકાય) (૭) વાંચન અને વિચાર : જે માહિતી માટે ઈન્ટરનેટ પર સર્ચ થાય તેના માટે હજારો ફાઈલો તેમાં મળી રહે - આથી પુસ્તક વાંચનમાં ઘટાડો - તૈયાર મટીરિયલ્સના કારણે નવું વાંચન કરવાને બદલે ઈન્ટરનેટ પરથી નકલ - આંતરિક વિચારશક્તિ પર અસર - નવા ક્રીએટીવ આઈડીયાનો અભાવ - ઈન્ટરનેટનો ગુલામ યુવાન. (૮) આવા સંજોગોમાં ઈન્ટરનેટનો વિવેકપૂર્વક ઉપયોગ પ્રમુખસ્વામી મહારાજ શીખવે છે. તેઓ કહે છે 'આપણા ચારિત્ર્ય કે નિયમ-ધર્મનો લોપ થાય એવી પ્રવૃત્તિ કરવી જ નહિ. એમાં પ્રગતિ લાગતી હોય તોય તે અધોગતિ જ કરાવે છે. (૯) ઉપસંહાર : આપણે પણ સ્વામીશ્રીના આદર્શ યુવાનો, બી.એ.પી.એસ.ના ચારિત્ર્યવાન યુવાનો બનીએ અને સૌને માટે એક આદર્શ પૂરો પાડી સ્વામીશ્રીને રાજી કરીએ.

૨. **યોગીજી મહારાજ : સંયમ-શિક્ષણના પ્રખર પ્રાચાર્ય :** (૧) યૌવન એટલે અનંત શક્તિઓનો ખજાનો - આ અનંત શક્તિઓને કેન્દ્રિત કરવાનું માધ્યમ સંયમ - સૂર્યનાં કિરણોને બિલોરી કાચમાં કેન્દ્રિત કરવાથી ઉર્જાની પ્રાપ્તિ - સંયમ દ્વારા યુવાનના જીવનમાં મહાન ઉર્જાનો ઉદ્‌ભવ - પરંતુ 'સંયમ' જેટલો બોલવામાં લાગે છે તેટલો વર્તવામાં કઠિન - મોટા મોટા ઋષિઓનું પણ સંયમના અભાવે પતન. (૨) સંયમની કઠિન વિદ્યાને સરળ બનાવી શકે તેવા સમર્થ ગુરુ જ યુવાનના જીવનના સંયમના પાઠ સરળતાથી શીખવી શકે, સહજતાથી સીંચી શકે. આવા આદર્શ વિભૂતી હતા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ - નિઃસ્વાર્થ પ્રેમ અને હૂંફના પાઠ સરળતાથી, સહજતાથી શીખવનાર ગુરુ - સંયમની એ કઠિન કેળવણીના જાણે કે તેઓ પ્રાચાર્ય - આચાર્ય કરતાં પણ વિશેષ પાઠો પ્રેમથી શીખવનાર એટલે પ્રાચાર્ય - વાણી, વિહાર, આહાર, વિચાર, વ્યસનો વગેરે તમામ પ્રકારે સંયમની શિક્ષા અને દીક્ષા આપનાર યોગીજી મહારાજ પ્રખર પ્રાચાર્ય. (૩) વિચારમાં સંયમ - દૃષ્ટિનો સંયમ : શહેર કે ગામડાનો યુવક હોય, દેશનો હોય કે પરદેશનો યોગીજી મહારાજ પ્રેમથી સંયમના પાઠ શીખવે કે કોઈ તેનો અસ્વીકાર ન કરી શકે. આફ્રિકાનો યુવાન દિનેશ - અભ્યાસ માટે મુંબઈમાં હોસ્ટેલમાં રહેતો - યોગીજી મહારાજની સેવામાં આવે પણ સિનેમાનો ખૂબ શોખ - એક દિવસ સેવામાં ન આવ્યો - તેની થાળી યોગીજી મહારાજે તૈયાર રખાવી - યોગીજી મહારાજનું પ્રેમથી મોડા આવવાનું કારણ પૂછવું - નિખાલસતાથી જવાબ સિનેમા જોવા ગયો હતો. - યોગીજી મહારાજે નિયમોનું કડક વલણ ઢીલું કરી કહ્યું નિત જજો - દિનેશ ખુશ - અઠવાડિયા બાદ યોગીજી મહારાજની પોતાની છાતીમાં દુઃખાવાની ફરિયાદ - દિનેશ ડોક્ટરને બોલાવવા તત્પર - યોગીજી મહારાજનો ઈન્કાર - તમે સિનેમા જોવાનું બંધ કરો તો દુઃખાવો મટી જાય. દિનેશે નિયમ લીધો. યોગીજી મહારાજનો દુઃખાવો ગાયબ - કેવા પ્રેમથી તેને વશ કરી લીધો. (૪) વ્યસનમાં સંયમ : વસોના મહેન્દ્રભાઈ - સિગારેટનું ખૂબ જૂનું વ્યસન - યોગીજી મહારાજને ખબર પડી - યોગીજી મહારાજે પ્રેમથી સિગારેટ છોડવા કહ્યું - ખુમારી સાથે વ્યસન છોડી દીધું - યોગીજી મહારાજનો અપ્રતિમ રાજીપો - યોગીજી મહારાજનું સ્થાન તેમના હૃદયમાં કાયમ માટે સ્થાપિત થઈ ગયું. (૫) આહારનો સંયમ પણ શીખવ્યો - કંપાલાના રતિભાઈ - દારૂના અડગ વ્યસની - યોગીજી મહારાજે વર્તમાન ધરાવી દારૂ ન પીવાનો નિયમ આપ્યો - યોગીજી મહારાજ રતિભાઈના ઘેરથી નીકળ્યા કે તરત જ તેમણે કંઠી તોડીને વિહસ્કી પીવાની શરૂઆત કરી પરંતુ યોગીજી મહારાજની નિર્દોષ મૂર્તિ દૃષ્ટિમાં આવી. પોતાનું હિત સમજીને પ્રેમાળ સંતની આજ્ઞા પાળીને રાજી કર્યાં. વર્ષો જૂનું વ્યસન મૂકી દીધું. (૬) વાણીનો સંયમ : ૧૯૫૯માં નર્મદા કાંઠાના વિસ્તારમાં વિચરણ - કેટલાક યુવકો પણ સાથે - એક યુવકે બીજા યુવકને કહ્યું એલા એય, ગાડામાં બેસી જા. ત્યારે યોગીજી મહારાજ તરત કહે હરિભક્તને એલા ન કહેવાય. ચાલો આપણે ગાડામાં બેસીએ એમ કહેવાય. કેવો વાણીનો વિવેક. ટપાલીને ટપાલી સાહેબ કહીને બોલાવે. મુંબઈમાં હરિપ્રસાદ ચોક્સીના બંગલાના ઘરઘાટીને ઘાટીસાહેબ કહીને બોલાવે. પોતાના વર્તન દ્વારા વાણી વિવેકનાં, વાણી સંયમના પાઠ શીખવ્યા. અભાવ-અવગુણ ન જોવાનો - ઝેર ન પીવાનો સંયમ શીખવ્યો. જેથી અધ્યાત્મને માર્ગે નિર્વિઘ્ને ડગ માંડે તે માટે આવો વિવેક શીખવો. (૭) સંયમ-નિયમના ઉચ્ચતમ શિખર પર, બ્રહ્મચર્યના શિખર પર યુવાનો બિરાજે અને પરમ આનંદમાં નિમગ્ન રહે તે તેમનું લક્ષ્ય - તેથી વેકેશનમાં વિચરણમાં યુવકોને પોતાની સાથે ફેરવે - વિવિધ પ્રકારની સેવા, વચનામૃત, સ્વામીની વાતો, કીર્તન, મુખપાઠ વગેરે કરાવતા, સતત ગોષ્ઠિ, કથાવાર્તા દ્વારા સંયમ-નિયમરૂપી બળનું સિંચન - અહિંસા, બ્રહ્મચર્ય, સત્ય આ ત્રણ વાત પર ખૂબ ભાર મૂકતા. આ માટે વિનુભગતની ડાયરીમાં ૧૧ નિયમો લખી આપ્યા. બ્રહ્મચર્યપાલન માટે સતત જાગૃતિ રખાવતા - વર્તમાનકાળે સ્વામીશ્રીએ પણ યુવકોના ઘડતર માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત - આમ, યોગીજી મહારાજ સંયમ-શિક્ષણના પ્રખર પ્રાચાર્ય.

૩. **પતનનું મહાદ્વાર : અસંયમ :** (૧) સંયમનો અર્થ - સંયમ એટલે મનની ઈચ્છાઓ-લાગણીઓ અને તેના સહજ ઢળાવ પર પોતાનો કાબુ - મન અને ઈન્દ્રિયોની ડહોળાઈ જતી વૃત્તિઓને પાછી ખેંચી અને 'સ્વ'માં કેન્દ્રિત કરવી એ સંયમની સામાન્ય પરિભાષા. પરંતુ પ્રશ્ન એ થાય કે સંયમ પાળવાથી ખરેખર કોઈ લાભ છે ? શું અસંયમ એ ખરેખર પતનનું મહાદ્વાર છે ? આ વિષય પર

સંશોધકનું મંતવ્ય જાણવું આવશ્યક. (૨) ચાર વર્ષની બાળકી કેરોલિન સંયમ દાખવીને જાતજાતની વાનગીઓ તેની દૃષ્ટિ સમક્ષ હોવા છતાં ખાતી નથી - સંયમ માટે આ પ્રકારનો પ્રયોગ કરવામાં આવ્યો - બાળકીએ ગજબનો સંયમ દાખવ્યો - અન્ય બાળકો અસંયમી રીતે વર્તીને બધી વાનગીઓ પર તૂટી પડ્યા - ઘણા વર્ષો બાદ તપાસ કરતાં જાણ થઈ કે આ બાળકી પી.એચ.ડી. સુધીનો અભ્યાસ - ઉજ્જવળ કારકિર્દી - જ્યારે તેનો ભાઈ મનોરંજન ક્ષેત્રે કામ શોધવામાં જ જીવન વ્યતીત - કેરોલીનના ભાઈએ ઘણાં વર્ષો પછી શબ્દો ઉચ્ચાર્યા કે જો હું સંયમી પુરુષ હોત તો ઘણો આગળ વધી શક્યો હોત. (૩) આ એક જ ઉદાહરણ પરથી સંયમ અને અસંયમથી થતા લાભ-ગેરલાભનું જ્ઞાન - અસંયમી વ્યક્તિ ક્યારેય શ્રેષ્ઠ નથી બની શકતી. અમેરિકન પ્રેસીડેન્ટ હેરી.એસ.ટ્રુમેન લખે છે. મહાન વ્યક્તિઓની આત્મકથા વાંચતાં એમ જણાય છે કે સૌથી પહેલાં તેમણે પોતાની જાત પર વિજય મેળવ્યો હતો. સંયમ તત્ત્વ એ બધામાં સૌથી પહેલાં આવ્યું હતું. તાજેતરમાં ૧૦૦૦ બાળકોના ૩૦ વર્ષ સુધીના અભ્યાસમાં ફલિત થયું કે સંયમી બાળકોની એમના સ્વાસ્થ્ય, સંપત્તિ અને સામાજિક જીવન પર ખૂબ સારી અસર - અસંયમી બાળકો નાણાકીય સમસ્યાઓ, સ્વાસ્થ્ય વગેરે બાબતમાં અસ્ત-વ્યસ્ત જીવન - તેથી સંયમ એ અનિવાર્ય સદ્ગુણ. (૪) આધુનિક સાધનોના ઉપયોગનો અસંયમ : આધુનિક સાધનોમાં ઈન્ટરનેટના ઉપયોગમાં અસંયમ - તેના કારણે ઈન્ટરનેટનું વ્યસન - આ પણ એક મહારોગ - બેચેની, ઈર્ષા, તનાવનું પણ કારણ - આ ઈન્ટરનેટનો અસંયમ કારણભૂત - છૂટાછેડાનું વિપુલ પ્રમાણ - વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર - ઘણી વખત આપઘાત સુધી પહોંચી જાય તેવો બેફામ ઉપયોગ - ટી.વી. જોવામાં પણ અસંયમ - તેના કારણે નકારાત્મક વલણ, સામાજિક સંબંધો પર અસર - હિંસા, મારામારી, ખૂનના દૃશ્યોને કારણે બાળકો, કિશોરો, યુવાનો પતનના માર્ગે - અસંયમી જીવન ક્રીએટીવીટીનાો અભાવ - મોબાઈલ ફોન પણ આવું જ એક દૂષણ - આમ આધુનિક સાધનોના અસંયમી ઉપયોગની પણ વિકૃત અસરો. (૫) વ્યસનના માર્ગે અસંયમ : વ્યસનના માર્ગે અસંયમને કારણે સ્વાસ્થયને પારાવાર નુક્સાન - કરોડો લોકોનાં મૃત્યુ - સામાજિક, આર્થિક નુક્સાન - પાયમાલી - આ અસંયમ પણ ખૂબ નુક્સાનકારક છે. (૬) આહારનો અસંયમ : આહારના અસંયમને કારણે બાળકો, યુવાનો જંકફુડના રવાડે - આવા ખોરાકમાં પોષક તત્ત્વોનો અભાવ - ઉપરાંત કેલેરી. ચરબી, મીઠું વધારે, જંકફૂડમાં રહેલ ફેટની મગજ પર અસર - વધારે ને વધારે ખાવાનું મન થાય - આ કેલેરી વગેરેનું દહન માટે ખૂબ શ્રમ, કસરત વગેરે કરવું પડે તેનો અભાવ - તેથી હાર્ટએટેક, ડાયાબીટીસ, બ્લડપ્રેસર, કેન્સર વગેરે ગંભીર રોગો - (પ્રસંગો લખી શકાય) (૭) પ્રતિભા અને અસંયમ : ઘણી વ્યક્તિઓની સફળતા પોતાની પ્રતિભાને કારણે - સંયમની આવશ્યકતા લાગતી નથી. પરંતુ આ સફળતા દીર્ઘકાળ સુધી ટકતી નથી. આઈ.ટી.કંપનીના સ્થાપક સ્ટીવ જોબે પોતાની કંપનીને વર્ષો સુધી ટોચ પર ટકાવી રાખવા માટે સંયમીને આવશ્યક ગણ્યો છે. આમ, અસંયમ એ પતનનું મહાદ્વાર - અને સંયમ એ સફળતાનો રાજમાર્ગ - તેથી ચંચળ મનને સંયમી બનાવવા માટે સ્વામી વિવેકાનંદજી કહે છે 'આપણી ઈન્દ્રિયોને કાબૂમાં રાખવાનો ઉપાય એક જ સમગ્ર બ્રહ્માંડમાં જે સત્ય ઈશ્વર છે. તેના તરફ નજર રાખવી. શ્રીજીમહારાજ વચનામૃતમાં સંયમનો રાજમાર્ગ બતાવ્યો છે. ભગવાનના માહાત્મ્યે કરીને વિષયની નિવૃત્તિ - ભગવાનના મહિમાપૂર્વક જીવન જોડવાથી સંયમ પાળવાની દૃઢતા - આમ સંયમ પાળવાની દૃઢતા માટે આર્ષદૃષ્ટા યોગીજી મહારાજે આજથી ૬૦ વર્ષ પહેલાં યુવાપ્રવૃત્તિનો પ્રારંભ કરીને સંયમનો રાજમાર્ગ ખુલ્લો મૂક્યો હતો. જે આજે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને પ્રેરણાથી દેશ-વિદેશના લાખો કિશોરો, યુવાનો આ માર્ગે ચાલીને સંયમી જીવન જીવીને અંતરમાં સુખ અને આનંદનો અનુભવ કરી રહ્યા છે.

❑ ❑ ❑